**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED**
**STATE LOAD DISPATCH CENTRE**
132 KV Substation Campus, Gotri
Vadodara – 390 021.
Telephone No.(0265) 6531132/2352103 (D),Fax No.(0265) 2352019
Web site: www.sldcguj.com, Email:sldc@gebmail.com


**Ref. no. : SLDC/ARR/**

ગુજરાત વિદ્યુત નિયમન આયોગ
નેપચ્યુન ટાવર, ૧લો માળ, નહેરૂ પુલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯
ની સમક્ષ
સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ,ગોત્રી ,વડોદરા

<u>અરજદારઃ-</u> .

નીચેના સંદર્ભમાં

ઉપરોકત અરજદાર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ,૧૩૨કેવી સબસ્ટેશન, કમ્પાઉન્ડ,ટી.બી.હોસ્પીટલની સામે, ગોત્રી, વડોદરા દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૦ -૧૧ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે ટ્રાન્સમીશન ટેરીફ નિયત કરવા બાબતેની અરજી કેસ નંબર **૧૧૫૧/૨૦૧૧** દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૨ તથા મલ્ટી ઇયર ટેરીફ ફ્રેમ વર્ક રેગ્યુલેશન, **૨૦૧૧** ની જોગવાઇ હેઠળ કરાયેલ છે.

<u>સૂચના</u>

ઉપરોકત અરજદાર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર વડોદરાએ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૦ -૧૧ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે ટ્રાન્સમીશન ટેરીફ નિયત કરવા બાબતેની અરજી કેસ નંબર **૧૧૫૧/૨૦૧૧** દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૨ તથા ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તથા મલ્ટી ઇયર ટેરીફ ફ્રેમ વર્ક રેગ્યુલેશન, **૨૦૧૧** ની જોગવાઇ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા હેઠળ છે.

ઉપરોકત બાબતે મલ્ટી ઇયર ટેરીફ ફ્રેમ વર્ક રેગ્યુલેશન, **૨૦૧૧** ની જોગવાઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ / સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને **તા ૨૪.૦૧ .૨૦૧૨** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સુચનો / વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામુ કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

સદર અરજીની નકલ રસ ધરાવતા વ્યકિત / સંસ્થાના નિરક્ષણ માટે મુખ્ય ઇજનેર(એસ..એલ..ડી.સી), સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ૧૩૨કેવી સબ સ્ટેશન કમ્પાઉન્ડ,ટી.બી.હોસ્પીટલની સામે, ગોત્રી, વડોદરા – ૩૯૦૦૨૧ની કચેરી ખાતે ઉપલબ્ધ છે.

સદર અરજીની નકલો મુખ્ય ઇજનેર(એસ..એલ..ડી.સી), સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ૧૩૨કેવી સબસ્ટેશન કમ્પાઉન્ડ,ટી.બી.હોસ્પીટલની સામે,ગોત્રી, વડોદરા થી જરૂરી રકમ ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂ.૫૦/- **(અંકે રૂપિયા પચાસ પુરા)** પ્રતિ નકલ નકકી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂ.૫૦/- **(અંકે રૂપિયા પચાસ પુરા)** વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, વડોદરાના નામે મોકલવાના રહેશે.
ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.sldcguj.com ઉપરથી પણ મેળવી શકાશે.

સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર,વડોદરા, વતી

**મુખ્ય ઇજનેર**
**એસએલડીસી (ગોત્રી)**